



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૮, અંક : ૪૯, સળંગ અંક : ૯૧૩, તારીખ : ૦૧-૦૫-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 01/05/2017, RMS G'nagar, Valid up to 31/12/19


# ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા પાંચ વિશેષ ઝોનની બેઠકો યોજાઈ

ભારતીય કિસાન સંઘ, ગુ.પ્ર. દ્વારા રાજ્યના તમામ ૩૫ જિલ્લાના ૮ ઝોન રચના મુજબ હાલ વિશેષ ઝોન બેઠકો યોજાઈ રહી છે જેમાં હવે આગળની યોજનાનુસાર તમામ જીલ્લામાં જાહેર સભા - રેલી કરીને કલેક્ટરોને આવેદન પત્ર આપવાના કાર્યક્રમોની યોજના બની રહી છે. તમામ ઝોન બેઠકોમાં તમામ જિલ્લા તાલુકાના સક્રીય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અને દરેક જિલ્લાની યોજના બની રહી છે.

## ત્રીજા ચરણમાં સંગઠન દ્વારા તમામ જિલ્લામાં આગામી સમયમાં જાહેરસભા રેલી અને આવેદન પત્રો આપવાના કાર્યક્રમોની યોજના

ગત તા. ૨૨, ૨૩ અને ૨૫ એપ્રિલના રોજ ક્રમશઃ સરહદી ઝોનની સૌરાષ્ટ્ર ઝોન, પૂર્વ ઝોન, દ.ગુજરાત-૧ અને ઉ.ગુજરાતના તમામ તાલુકાના કાર્યકરો મોટી સાંખ્યામાં કાર્યકરોની હાજરીમાં યોજાઈ ગઈ છે. જેના માટે આગામી સમયમં તમામ જીલ્લાની બેઠકો યોજાશે અને સંપૂર્ણ યોજનાને આખરી ઓપ આપવામાં આવશે.

## નવી દિલ્હી ખાતે બની રહેલા કેન્દ્રીય કાર્યાલય નિર્માણમાં ગુજરાતના કાર્યકર્તાઓ પણ કાર્યાલય વિધિમાં સહયોગ આપશે.





ઉ.ગુ. ઝોન એક ની વિશેષ ઝોન બેઠકમાં ગાંધીનગર બલરામ મંદિર પરિસર ખાતે સંબોધન કરતા રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્યશ્રી મગનભાઈ પટેલ...

તમામ વિશેષ ઝોન બેઠકોમાં, રાષ્ટ્રીય કાર્યકારીણી, સદસ્ય શ્રી મગનભાઈ પટેલ, પ્રદેશ સંગઠનમંત્રી શ્રી અશોકભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા, અને મહામંત્રી બી. કે. પટેલ સહિત તમામ જીલ્લાના પ્રદેશ કારોબારી સભ્ય - પ્રદેશ પ્રતિનિધિ જે તે વિભાગના પોત પોતાના વિભાગની બેઠકોમાં હાજર રહ્યા હતા. તમામ ઝોનમાં બેઠકો દરમ્યાન જિલ્લા બેઠકો પણ યોજાઈ હતી જેમાં તમામ જીલ્લાની જાહેર સભાઓ નક્કી કરવામાં આવી, તમામ જીલ્લાને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરી આવેદન પત્રના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા. કેન્દ્રીય કાર્યાલય ભવનનું નિર્માણ નવી દિલ્હી ખાતે બનવા જઈ રહ્યું છે. જેમાં પણ રાજ્યના તમામ તાલુકા કક્ષાના કાર્યકર્તાઓ સહયોગ આપી પોતાનું યોગદાન આપશે તેવું નક્કી કરવામાં આવેલ છે.

આગામી સમયમાં તમામ તાલુકા સુધી સંગઠનનું ગઠન કરવા અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવેલ છે. નીચે મુજબના કેટલાક પ્રશ્નો તમામ સ્થાનો પર સમાન રહેશે તે સિવાય જે તે જિલ્લા / વિભાગ / તાલુકા સ્તરના અનેક પ્રશ્નોને સામેલ કરીને આવેદન પત્રો આપવામાં આવશે.

**પ્રશ્નો :**

**(૧) હર ખેત કો પાની સમાન સિંચાઈ દરથી સમગ્ર રાજ્યના કિસાનોને મળે તેવું આયોજન કરવું.**

**(૨) તમામ પાકોની પડતર કિંમત નક્કી કરીને ૧૫ ટકા નફા સહિતના ભાવોથી ગ્રામ્ય સ્તર પર ખરીદીની વ્વસ્થા કરવી.**

**(૩) વીજ અધિનિયમ હેઠળ ૧૨૬ /૧૩૫ હેઠળ આડેધડ વિજ ચેકીંગ બંધ કરવું, આપેલ બીલો માટે સમાધાન યોજના લાગુ કરવી અને ચેકીંગ બાદ કૃષિ વીજ ગ્રાહકને ૩૦ દિનનો સમય આપીને વિકલ્પ આપવા.**

**(૪) વડાપ્રધાન પાક વીમા યોજનાને કોઈ પણ સંજોગોમાં મરજીયાત કરવી.**

**(૫) રોઝ - ભૂંડ સહિતના ખેતીમાં ભેલાણ કરતા પરિબળોમાંથી મુક્તિ આપવી. થતી નુકશાનીનું વળતર આપવું.**

**(૬) જમીનોની ચાલી રહેલી રી - સર્વેની કામગીરીમાં થયેલ, નામ, આકાર, નકશાની ભૂલોની તત્કાલ સુધારણા કામગીરી હાથ ધરવી**


**'કિસાન સંદેશ'સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

'બલરામ મંદિર પરિસર' સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

**સાપ્તાહિક સુવિચાર**

**હંમેશા પ્રાર્થના કરતા રહો...**
**કારણ કે...**
**શક્ય અને અશક્ય ફક્ત**
**આપણા વિચારોમાં હોય છે**
**ભગવાનને માટે તો**
**કઈ પણ અશક્ય નથી.**

# સમસ્યા ગૌસંરક્ષણની

દેશભરમાં ગૌહત્યા ઉપર પ્રતિબંધ લગાવતો કાયદો ઘડવાની જરૂર હોવા વિશે કોઈ બેમત ન હોઈ શકે. રાજકીય કારણોસર હજુ આવો દેશ વ્યાપી કાયદો ઘડાયો નથી. પરંતુ ત્રણ વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા પછી આવો કાયદો ઘડાવા વિશે લોકોની આશા વધી ગઈ છે. અમૂક લોકો પૂછવા લાગ્યા છે કે, હિન્દુત્વનો હિમાયતી ભાજપ કેન્દ્રમાં સત્તામાં હોવા ઉપરાંત દેશના ૨૯ પૈકી ૧૪ રાજ્યોમાં સત્તામાં છે છતાં ગૌહત્યાનો દેશવ્યાપી કાયમદો કેમ ઘડાતો નથી ? કેન્દ્ર આવો કાયદો ઘડે અને ભાજપ શાસિત ૧૪ રાજ્યો તેનો અમલ શરૂ કરી દે તો બાકીના મોટા ભાગના રાજ્યો પણ તેનો અમલ ન કરે તો જનતા તેમનો હિસાબ માંગવા સક્ષમ છે. પરંતુ કેન્દ્ર આવી પહેલ નથી કરતું તેથી જનતા અચંબિત છે. પરંતુ કેન્દ્રની ભાજપ સરકારની પણ કેટલીક મજબૂરી છે.

અત્યારે તમે ગૌ હત્યાબંધી કેમ લાગુ નથી કરતા તેવો પ્રશ્ન કરનારાઓ પૈકીના ઘણા ગૌ હત્યા બંધી ધારો આવે કે 'કોણ શું ખાવું ? તે નક્કી સરકાર કેમ કરી શકે ?' એવો પ્રશ્ન લઈને ઉભા થઈ જવાના. આવી સ્થિતી ઉભી કરવા જ તેઓ બૂમબરાળા પાડી રહ્યા છે. તેઓ ભાજપને હિન્દુઓમાં ઉતારી પાડવા પણ આવા પ્રશ્નો કરી રહ્યા છે. વાસ્તવમાં તેમને ગૌહત્યાબંધી સહિત હિન્દુત્વના કોઇ પણ મુદ્દા ઉકેલાય તેમાં મુદલ જ રસ નથી. એ સાચું છે કે, સરકારને પોતાના સિદ્ધાંતોના અમલ માટે આવા વિરોધની પરવાહ ન કરવી જોઈએ. એવા ઘણા નિર્ણયો સરકારે લીધા છે, જેની સામે વાંકદેખાઓ ઉભા થઈ ગયા છે. શેરીઓથી લઈને સંસદ સુધી સરકારને ઘેરવાના પ્રયાસ કર્યા છે. છતાં એવા કેટલાક મુદ્દા છે જે અતિ સંવેનશીલ છે અને તે અંગે ઉતાવળે નિર્ણય થઈ શકે તેમ નથી. સરકાર પાસે લોકસભામાં તો પર્યાપ્ત બહુમતી છે. પણ રાજ્ય સભામાં સ્થિતિ હજી સારી નથી. ૨૦૧૮ના અંત સુધીમાં તેમાં ઠીક ઠીક સુધારો થઈ જશે.

સ્થિતિ પુરી સુધરતા તો ૨૦૧૯ની ચૂંટણી પછીના સમય ગાળા સુધી રાહ જોવીપડશે. છતાં શિવસેના જેવા સાથી પક્ષો નાક દબાવવાની પ્રવૃતિ બંધ કરે તો ૨૦૧૮ના અંતે સુધરેલી સ્થિતિનો લાભ લઈ ભાજપ સરકાર કેટલાક સંવેદનશીલ મુદ્દા પણ ઉકેલી શકશે. કોઈ બંધારણીય સુધારો કરવો હોય તો લોકસભા અને રાજ્ય સભામાં સુધારો પસાર કરાવ્યા બાદ દેશના કુલ્લ રાજ્યોના ૫૦ ટકા રાજ્યોનું સમર્થન પણ એ સુધારાને મળવું જરૂરી છે. અત્યારે ભાજપના શાસન હેઠળ ૨૯ રાજ્યો પૈકી ૧૪ રાજ્યો આવ્યા છે. મતલબ કે ૫૦ ટકા રાજ્યો ભાજપના શાસન હેઠળ નથી. છતાં કેટલાક મુદ્દે કેન્દ્ર વધુ રાજ્યોના સમર્થનની આશા રાખી શકે છે. તે સાથે ઉત્તરપૂર્વના કેટલાક રાજ્યો એવા પણ છે જ્યાં હિન્દુઓ પણ ગૌમાંસ ખાતા હોઈ તે રાજ્યોનું સમર્થન ભાજનનું શાસન હોય તો પણ મળવું અશક્ય નહીં તો પણ મુશ્કેલ જરૂર છે. માત્ર કાયદો ઘડવાથી કે બંધારણ સુધારવાથી વાત પતી જતી નથી. ગૌમાંસ ભક્ષીઓ આવો કાયદો ઘડાતાં જ બહાર નીકળી આવવાની અને શેરી ગજાવવાની પૂરી સંભાવના છે. કાયદો કે બંધારણીય સુધારણા પછી સરકારને કાયદો અને વ્યવસ્થા જાળવવાની સ્થિતિ પણ સંભાળવી પડે તેમ છે. કાશ્મીરમાં અત્યારે પ્રવર્તતી ગંભીર સ્થિતિને પહોંચી વળવા ત્યાં સરકારને વિશેષ ધ્યાન આપવું પડી રહ્યું છે ત્યારે બીજા રાજ્યોમાં સ્થિતિ ન બગડે તે તરફ પણ સરકારે ધ્યાન આપવું પડે તેમ છે.

## આધ્યાત્મિક ખેતી દર્શન અને તંત્ર

(ઝીરોબજેટ કુદરતી ખેતી કેવી રીતે કરશો?)

પદ્મશ્રી સુભાષ પાલેકર
અમરાવતી, મહારાષ્ટ્ર

(ગતાંકથી આગળ....)

આ કુદરતી ખેતીમાં તમે સૌથી ઓછા પાણીમાં વધુ ઉત્પાદન લો છો. રાસાયમિક ખેતીમાં પાણીનો બિનજરૂરી અતિ વિસ્તૃત અતિ વિશાળ પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે, આ માનવીય ગુનો છે. કારણ કે જ્યારે મતે સિંચાઈ માટે ખુબ જ મોટા પ્રમાણમાં જમીનમાં નાંખો છો. જે જમીન અને પાક બંનેને નુકશાનકારક છે, તે જ સમયે તમારી એક બહેન કે માતા દૂર પર્વતોમાં, જ્યાં વરસાદ બહુ જ થોડો થતો હોય છે કે થતો નથી, ત્યાં પાણી માટે દશ - બાર કિલોમીટર રખડતી ફરે છે, પાણી મળતું નથી બાળકો પાણી માટે તરફળે છે, પાણી નથી મલતું જરા તેની તરફ પણ જુઓ. પાણી તો ભગવાનની દેન છે, જમીન ઉપર કોઈ પાણી બનાવવાનું કારખાનું નથી. એ ઈશ્વરના પાણી ઉપર તો દરેક માનવનો સમાન અધિકાર છે. તો આ પાણીની અમાનવીય બરબાદી અને બીજી તરફ પાણી માટે તરફડાટ શા માટે ?

પાકના મૂળિયાઓ બે કારણોથી જમીનમાંથી ભેજનું શોષણ કરે છે, એ વધુ વૃધ્ધિ માટે અ" બીજુ કારણ પાંદડાઓની સપાટીમાંથી હવામાં ભેજનું બાષ્પીભવન. એક વાત તમે સમજી લો કે જમીનમાંથી ૫૦ ટકા બાષ્પકણો અને ૫૦ ટકા હવાના કણો આ બંનેનું મિશ્રણ લે છે. હવાના કણો મૂળિયાઓને અને સૂક્ષ્મ જીવજંતુઓને શ્વસન માટે અને બાષ્પના કણઓ મૂળિયાઓ જમીનમાંતી લઈને પાંદડાઓ સુધી ખાદ્ય નિર્માણ માટે પહોંચાડે છે. આ બાષ્પ અને હવાનું મિશ્રણ મૂળિયાઓમાં આવેલ માટીના કણોની વચ્ચે જે ખાલી જગ્યા છે. એમાં થી લે છે. મૂળ્યાઓ પાણી લેતા નથી, પાણીને સ્પર્શ જ નતી કરતા, તેથી જમીનમાં જે ખાલી જગ્યા છે એ માત્ર ૫૦ ટકા હવા અને ૫૦ બાષ્પના મિશ્રણથી ભરી રહે છે, પાણીથી નહિ, પરંતુ તમે જ્યારે જમીનમાં સિંચાઈનું પાણી ભરો છો. (આપતા નથી, ભરો છો) કુંભ સાન કરાવો છો, તો પાણી જમીન અંતર્ગત આ ખાલી જગ્યામાં ભરો છો અને ત્યાં સ્થિતિ હવા ડબ - ડબ અવાજ કરીને ઉપર બહાર નીકળી આવે છે. આ સિંચાઈનું પાણી જમીન અંતર્ગત તમામ ખાલી જગ્યા જલમગ્ન કરે છે અને ત્યાંથી તમામ હવાને કાઢીને બહાર ફેંકી દે છે. પરિણામ સ્વરૂપ જે મૂળિયાઓનું અને સૂક્ષ્મ જીવોનો પ્રાણવાયુ (ઓક્સિજન) જીવતા રાખવાનું એકમાત્ર સંશોધન છે, એ પ્રાણવાયુ મળતો નથી, તો સૂક્ષ્મ જીવો મરી જાય છે, જેના કારણે ખાદ્ય નિર્માણ બંધ થઈ જાય છે, અને આપણો પાક પીળો પડી જાય છે, તેની વૃદ્ધિ અટકી જાય છે, આ સ્થિતિનું કારણ છે, જમીનમાં આ બાફ (૫૦ ટકા હવા અને ૫૦ ટકા બાષ્પનું મિશ્રણ) ની હાજરી ન હોવી અને તમે પાક પીળો પડવાથી યુરિયા આપો છો, તો કિસાન ભાઈઓ, આપણે જમીનમાં સિંચાઈનું એટલું જ પાણી આપવાનું છે, જેમાં જમીનમાં સ્થિતિ ગરમીની બાષ્પ બને છે. જો જમીનમાં ૧૦૦ લીટર પાણીની બાષ્પ બને એટલી જ ગરમી છે, તો ૧૦૦ લીટર જ પાણી આપવું જોઈએ. તમે કેટલું આપો છો ? જો મંગળવારે મોટર પંપ કે ટ્યુબવેલ ચાલુ કરો છો તો આગળના મંગળવારે બંધ કરો છો. બધુ મંગળ જ મંગળ, ત્યારે સિંચાઈ કેવી રીતે કરવી ? કેટલું પાણી આપવું ?

જેમ વધારાનું પાણી જમીનને અને પાકને સાથે તમારી પણ બરબાદ કરે છે તે જ રીતે મર્યાદા કે જરૂરીયાત થી ઓછુ પાણી પણ નુકશાનકારક છે. તો સિંચાઈનું પાણી અને વિશિષ્ટ મર્યાદામાં જ જોઈએ એટલું જ પાણી આપવાનું છે, જેમાં જમીનમાં બાફ જળવાઈ રહે. કેટલું પાણી જમીનને આપવાથી બાફ બને છે.

તમે ૪૫ સે.મી., અંતરે નીક ક્યારાઓ કાઢો. ઘઉં બીજ બીજામૃતનો પટ (સંસ્કાર) આપી તૈયાર રાખો. ઘઉંનાં બીજ નીકના બંને ઢોળાવ પર વાવો. જમીનમાં ખાડાઓ કરીને તેમાં બીજ નાંખો અને થોડી માટીથી બીજને ઢાંકી દો અને નીચે જણાવેલ આકૃતિની જેમ એક નીક છોડીને બીજ નીકમાં પાણી ભરી દો. એટલે કે, એક નંબર નીક (ચાસ) પાણી, નં. ૨ માં નહિ આપવું, નં. ૩માં પાણી, નં. ૪માં ન આપવું આ રીતે સતત એક પછી બીજી નીક (ચાસ)માં પાણી આપવાનું છે. *ક્રમશઃ*

## ખેડ કરવા માટે એપ્રિલ, મે નો સમય ઉત્તમ

ઘણાં ખેડૂતો એવું વિચારતા હોય છે કે ખેડ કરવાનો ઉત્તમ સમય કયો ગણી શકાય ? ખેતરમાં પાકની કાપણી પછી તરતનો સમય ખેડ માટે શ્રેષ્ઠ છે કેમ કે પાકના છાયાંના લીધે જમીનમાં થોડો ઘણો ભેજ હોય છે. તેથી ઓછી શક્તિ વાપરીને વધારે સારી ખેડ થઈ શકે છે. પાકની કાપણી પછી તુરત ખેડ કરવામાં આવી હોય તો મોટાં ઢેફાં પડતાં



નથી, જેથી જમીન વહેલી ભરભરી થઈ શકે છે, જે વાવણી માટે આદર્શ ગણાય છે. ખેડ વહેલી થવાથી લાંબા સમય સુધી જમીન તપે છે. અને પોષકતત્વો છોડને મળે તેવા રૂપમાં ફેરવાય છે ખેડતી વખતે એકબીજા ચાસ લગોલગ લેવા. જરૂર જણાય તો ઊભી - આડી બે વખત ખેડ કરવી. ખેડની ઉંડાઈ પ્રમાણે યોગ્ય સાધન પસંદ કરવું. સામાન્ય રીતે પાકના વાવેતર અંતર્ગત ખેડ કરવામાં આવતી હોય છે. અમુક પાકના વાવેતર માટે ઊંડી ખેડ કરવી પડે છે તો અમુક પાક માટે છીછરી ખેડ પણ કરવામાં આવતી હોય છે. ઊંડી ખેત કરવા માટે કલ્ટિવેટર, રોટાવેટર વગેરેથી ખેડ કરવામાં આવે છે.

## WHATSAPP MASSAGES

ગરમીથી પરેશાન એક માણસે સૂર્યદેવ ને વોટ્સઅપ મેસે કર્યો 'સૂર્યદેવ તમારી બ્રાઈટનેસ ઓછી કરો બહુ તકલીફ પડે છે. સૂર્યદેવે જવાબ આપ્યો કે 'સેટીંગ'માં જાઓ ત્યાં 'ઓપ્શન' આવશે ઝાડ 'વાવો' એને 'ઉછેરો' અને 'સેવ' કરો 'કાર્બન ડાયોક્સાઈડ' ઓછો થઈ જશે અને વાતાવરણ ઠંડુ થઈ જશે અને વરસાદ થશે'

## ઈન્ડિયન ઓયલ ને દી ચેતાવની

**આને વાલે દિનોમેં તાપમાન મેં વૃદ્ધિ હોના તય હૈ, ઈસલિયે અપને વાહન મેં પેટ્રોલ અધિકતમ સીમા તક ના ભરવાયેં । યહ ઇંધન ટૅંક મેં વિસ્ફોટ કા કરાણ બન સકતા હૈં । કૃપયા આપ અપને વાહન મેં આધા ટેંક હી ઇંધન ભરવાયેં ઔર એયર કે લિયે જગહ રખેં । પીછલે હપ્તે ૫ વિસ્ફોટ દુર્ઘટનાઓં કી વજહ , અધિકતમ પેટ્રોલ ભરને સે હુઆ હૈં । કૃપયા પેટ્રોલ ટંકી કો દિન મેં એક બાર ખોલ કર અંદર બન રહી ગેસ કો બાહર નિકાલ દેં.**

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૯૮

**રા. સ્વ. સંઘ**
**કાર્યકર્તા**
**અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર**
**દત્તોપંત ઠેંગડી**
**અનુવાદક : હસુભાઈ દવે**
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

જય પરાજય, લાભ હાનિ, જીવન મરણ બધું ભગવાનના હાથમાં છે. તમારા હાથમાં કંઈ નથી, પરંતુ ભગવાનના ભરોસે રહેવું અને બધું જ તેના પર છોડી દેવું એ માટે લોકો તૈયાર થતા નથી. તુલસીદાસના વિચારને યોગ્ય રીતે લેવામાં આવે તો એ સ્પષ્ટ થાય છે કે કોઈ એક માણસને કારણે સફળતા મળતી નથી. અનેક સહાયક તત્વો તેમાં સામેલ હોય છે. ખાસ કરીને આપણા કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલ કામ, સાથી અન્ય લોકોનો સહયોગ તથા મહત્વપૂર્ણ યોગદાન તથા આપણા વરિષ્ઠ કાર્યકર્તાઓનું અત્યાર સુધી પ્રાપ્ત સાચું માર્ગદર્શન તથા પ્રોત્સાહન અને સમયની અનુકૂળતા જેવી કેટલીય બાબતો આ સફળતાની સંભાવનામાં મદદરૂપ થાય છે. જો આ બધી વાતોની સહાયતાનો સાચો ખ્યાલ ન રાખ્યો તો સફળતા મેળવનાર કાર્યકર્તાના મનમાં ગરબડ શરૂ થઈ જાય છે. સારા ભલા કાર્યકર્તાના મનમાં પણ આવી ગરબડ શરૂ થાય છે. એ સમયે કેટલાક એવા પણ લોકો સાથે રહે છે કે તેઓ પોતાના સ્વાર્થી હિતસંબંધો માટે તેમાં વધુ વધારો કરી નાખે છે. કોઈ એક રસિક કવિએ પ્રેમ સંબંદી એક શેર કહ્યો છે. આ શેરમાં પ્રેમની જગ્યાએ 'નેતાગીરી' આ શબ્દ મૂકી દીધો તો એ શેર આ પ્રમાણે થાય છે -

*वैसे भी होते हैं नेतागीरी में जनून के आसार*
*और फिर लोग और भी दीवाना बना देते हैं ।*

હવે એક વાર પોતાના કર્તવ્યપણા અંગે અહંકારનો ભાવ મનમાં પેદા થયો તો કાર્યકર્તા વિચારવાનું શરૂ કરે છે કે 'આ જે મારી સાથે કાર્યકર્તા છે એને તો હું જ સંઘમાં લાવ્યો છું. મેં જ તેને કાર્યકર્તા બન્વાયો' અને આત્મ - ઔચિત્ય સિદ્ધ કરતાં કરતાં એટલું અધઃપતન શરૂ થઈ જાય છે કે સીડીથી તે ઉપર ચડે છે - ધ્યેનિષ્ઠા, આત્મસમર્પણ - વગેરે, તે જ સીડીને લાત મારે છે. વિચારે છે કે 'હવે એની આવશ્યક્તા જ શું છે ?' આવી માનસિક્તા પેદા થાય છે ત્યારે કાર્યકર્તાઓની સામૂહિક્તાનથી સિદ્ધ થનારી આંતરિક સંગઠિતશક્તિ પણ ઓછી થઈ જાય છે. આપણે એ જોયું છે કે જ્યારે ધ્યેયનિષ્ઠા કાર્યકર્તા ભેગા થાય છે ત્યારે એક અને એક મળીને બે નહીં, પરંતુ અગિયાર થાય છે. ત્રીજો આવ્યો તો એકસો અગિયાર થાય છે. મુખ્ય કાર્યકર્તાના મનમાં જો અંહાકર આવે છે તો આ શક્તિની સંખ્યામાં તે દશાંશ બિંદુનું કામ કરે છે અને પહેલાં ચાર કાર્યકર્તા મળીને ૧૧૧૧ સંખ્યા બની હતી તે ૧૧૧૧ સંખ્યામાં પરિવર્તન થઈ જાય છે કારણ કે એકની પહેલાં દશાંશ ચિન્હ આવે છે તો .૧ એક દશાંશ થઈ જાય છે. એવી જ રીતે ૧૧, .૧૧૧, .૧૧૧૧ એમ તેની શક્તિ ઘટતી જાય છે અને સંગઠનમાં વિઘ્ન પેદા થાય છે.

આપણા કાર્યમાં હમેશાં નવા નવા કાર્યકર્તાના નિર્માણની સાંકળ જળવાઈ રહે તેના પર આપણે ધ્યાન આપીએ છીએ. નેતૃત્વ કરનારા કાર્યકર્તાના મનમાં એકવાર અંહાકરનો પ્રવેશ થયો તો આ કાર્યકર્તા નિર્માણની પ્રક્રિયા પણ ખંડિત અથવા ક્ષીણ થઈ જાય છે. સાથી નાનો કાર્યકર્તા જો વધારે ખંતીલો, યોજક અ" તત્પરતાથી કામ કરવાવાળો હોય તો આ નેતા - કાર્યકર્તાને લાગે છે કે મારી બિલાડી મને જ મ્યાઉં કરે એ તો કેમ ચાલે ? આવા કાર્યશીલ કાર્યકર્તાને ઉત્તેજન આપીને વિકસિત કરવાને બદલે, હંમેશાં એ જ વિચારવામાં આવે છે કે તેને આગળ ન આવવા દેવો. આમ ન કેવળ સંગઠનમાં, પરંતુ કાર્યકર્તાનિર્માણની અને વિકાસની પ્રક્રિયામાં પણ વિઘ્ન પેદા થાય છે. બીજી હરોળનું નેતૃત્વ નિર્માણ થઈ શકતું નથી.

એક માછીમાર કરચલાઓ પકડી રહ્યો હતો. સમુદ્રના કિનારે ટોપલી રાખી કરચલાં પકડી તેમાં નાખી રહ્યો હતો. ટોપલીમાં ઘણાંય કરચલાં આવી ગયા, પરંતુ ટોપલી ઉપર કોઈ ઢાંકણું ન હતું. તેના મિત્રે આ જોયું કે માછીમાર કરચલાં પકડી રહ્યો છે, પરંતું ઉપર ઢાંકણ ન હોવથી કરચલાઓ કૂદીને બહાર આવવાનો પ્રયાસ કરે છે. તેણે માછઠીમારને કહ્યું, 'અરે ! આ ટોપલી ઉપર કોઈ ઢાંકણ તો મૂકી દો નહીં તો કરચલાઓ કૂદીને બહાર ચાલ્યા જશે.' તે માછીમારે કહ્યું કે 'નહીં, તેની ચિંતા ન કરે. કોઈ પણ કરચલો બહાર નહીં જાય કારણ કે કોઈ કરચલો ઉપર જવાનો પ્રયાસ કરે તો બાકીના કરચલાઓ તેનો પગ ખેંચીને તેને નીચે પાડી દે છે. તેઓને રોકવા માટે કાંઈ પણ કરવાની આવશ્યક્તા જ નથી.'

ધર્માંતરના એક દિવસ પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર નાગપુરની શ્યામ હોટલમાં તેમના પ્રમુખ કાર્યકર્તાઓ સાથે દિવસભર બેઠા હતાં. પોતાના મહાપ્રયાણનો અંદાજ તેમને આવી ગયો હતો. આથી પોતાના મનમાં જે કાંઈ વિચાર હશે તે પોતાના સાથીદારોને દર્શાવવાની ઈચ્છા હતી. કાર્યકર્તા પણ મનની વાતો સ્પષ્ટ પૂછી રહ્યા હતા. એક પાઘડીવાળા કાર્યકર્તાએ પૂછ્યું કે 'બાબા, મેં મારા જીવનમાં જોયું છે કે કેટલાંય કાર્યો નિર્માણ પામે છે, આગળ વધે છે અને સમયાંતરે સમાપ્ત પણ થઈ જાય છે - તો આનું કારણ શું છે ? બાબાએ હંસીને કહ્યું કે 'જ્યાં ઉપેક્ષા - ઉદાસીનતી હોય છે ત્યાં કામ વધતું જ જાય છે અને જયાં ઉપેક્ષા - ઉદાસીનતા હોતી નથી ત્યાં કામ ઘટતાં ઘટતાં સમાપ્ત થઈ જાય છે.' અમને બધાને લાગ્યું કે આજે બાબાની જીભ કચરાઈ છે - બોલવામાં ભૂલચૂક છે કારણ કે ઉપેક્ષા એટલે ઉદાસીનતા - જ્યાં ઉદાસીનતા છે ત્યાં કામ વધે છે એમ કેવી રીતે કહી શકાય ? બાબા મૃદુ હાસ્ય સાથે અમને નિહાળી રહ્યા હતા અને પછી કહ્યું, 'તમારા લોકોના મનમાં શું છે, હું જાણું છું, તમે લોકો વિચાર રહ્યા છો કે આ મારી જીભ સરકવાને કારણે બોલવામાં ભૂલ છે, પરંતુ એવું નથી. તમે જે પ્રશ્ન પૂછ્યો હતો, એનો જવાબ બે હજાર વર્ષ પહેલાં ભગવાન બુદ્ધે આપ્યો છે. અહીં ભગવાન બુદ્ધ 'ઉપેક્ષા' શબ્દ તંત્રવિદ્યા સંદર્ભે વાપરે છે. કોઈ પણ નવું કામ સરૂ થાય છે, તો લોકો તેના તરફ ઉદાસીનતા રાખે છે. અમુક ધ્યેયવાદી લોકો કાર્ય ચલાવે છે, આના કારણે કાર્ય વધે છે અને તેને અણદેખ્યું કરવું શક્ય રહેતું નથી. આ સ્થિતિમાં લોકો આ નવા કામની મજાક - મશ્કરી કરે છે. આના કારણે કેટલાય કાર્યકર્તા કાર્ય છોડે છે. આમ છતાં બાકી રહેલ કાર્યકર્તા લગનથી કામ ચલાવે છે. આના કારણે કાર્ય વધુ આગળ વધે છે. આ પરિસ્થિતિમાં વિરોધ શરૂ થાય છે. વિરોધની પ્રબળતાને કારણએ બીજા કેટલાંક કાર્યકર્તા કાર્ય છોડી દે છે. તો પણ શેષ કાર્યકર્તાઓની જીદના કારમએ કામ એથી પણ વધુ આગળ વધે છે અને આમ થતાં યશોમંદિરનું શિખર દષ્ટિગોચર થાય છે. આજ સમયે કાર્યકર્તાના મનમાં પરિવર્તન આવવાની પ્રબળ શક્યતાઓ નિર્માણ થાય છે. જેઓએ નિઃસ્વાર્થ બુદ્ધિથી અને તપસ્યાથી અત્યાર સુધી કામ કર્યું, તેની માનસિક્તામાં યશોમંદિરનું શિખર જોયા પછી પરિવર્તન આવે છે અને મળનારી સફળતામાં મેં કરેલ કાર્યનો ફાળો કેટલો મોટો છે, એ જોવાની સ્પર્ધા શરૂ થઈ જાય છે. દરેક તેમના ફાળાનો ભાગ ઘણઓ મોટો છે તેમ દેખાડવાનો પ્રયાસ કરે છે. આમ યશભાગ માટેની સ્પરધા વધારે પ્રમાણમાં થાય છે. આવા સમયે કાર્યરત મુખ્ય લોકો આ યશોભાગ વહેંચણીના મોહમાં ન ફસાતાં, પોતાની જગ્યા પર સ્થિર રહે અને બીજાઓને દોડવા દે એટલે યશભાગ અંગે તેમના મનમાં 'ઉપેક્ષા'નો ભાવ રહ્યો તો પછી કાર્ય આગળ વધે છે. જોકે મુખ્ય કાર્યમાં સક્રિય લોકો સ્વયં યશભાગની હરિફાઈમાં મોહવશ દોડવા માગ્યા તો આ કામ ઘટે છે અને સમાપ્ત પણ થઈ જાય છે.

*ક્રમશઃ*

# કાર્યો દ્વારા પ્રગટતા પ્રભુ

## (ગૌ-સંવર્ધનથી પરમજ્ઞાનની પ્રાપ્તિ)

"ગુરુદેવ, મને બ્રહ્મ જ્ઞાન આપો", ગૌતમ ઋષિના આશ્રમમાં વિદ્યા શીખવા માટે આવેલા સત્યકામે એક દિવસ ગૌતમ ઋષિને કહ્યું. "વત્સ, પહેલા તું આ ચારસો ગાયો આપણા આશ્રમમાં છે તેને વનમાં લઈ જા. જ્યાં તેની સેવા કરજે, અને ચારસોમાં એક હજાર ગાયો થાય ત્યારે તું આશ્રમમાં પાછો આવજે, ત્યારે તને જ્ઞાન મળશે."

"જેવી આપની આજ્ઞા ગુરુદેવ, આશીર્વદ આપો કે આ કાર્ય હું સારી રીતે કરી શકું."

"જા બેટા, મારા તને આશીર્વાદ છે" અને ગુરુએ આપેલી ચાર સૌ ગાયો, જેમાંની મોટાભાગની દુબળી, માંદલી હતી તેને લઈને સત્યકામ જંગલમાં આવ્યો.

જંગલમાં તે ગાયોની સેવામાં લાગી રહ્યો, ગાયોને હિંસક પશુઓથી રક્ષણ આપવા માટે તેને વ્યવસ્થા કરવી પડી. પોતાને રહેવા ઝૂંપડી બાંધવા તેને બાંધકામનું જ્ઞાન મેળવવું પડ્યું. ગાયોને સારી રીતે ઉછેરવા ગાયને ખૌરાક માટે ખેતી, વનસ્પતિ, ઔષધિઓનું જ્ઞાન મેળવવું પડ્યું, જંગલમાં રહેવાનું હતું એટલે વનવાસી લોકો સાથે રહેવા માટે સમાજવિદ્યા અને મનોવિજ્ઞાનનું જ્ઞાન પણ અનુભવે મેળવ્યું. જંગલમાં એકલા રહેવાનું હતું એટલે મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિ પર થતી અસરો, આ બધું પણ એને સહજપણે પ્રાપ્ત થયું. વળી રાત દિવસ ગાયોની સંભાળ લેવાની હોઈને શારીરિક પરિશ્રમ તેને ખૂબ જ કરવો પડતો હતો. એટલે શરીર પણ ખડતલ બન્યું. પ્રકૃતિના તત્વો સાથે સતત રહેવાથી ધીમે ધીમે તેનું રહસ્ય પણ તેને સમજાવા લાગ્યું. આ રીતે વરસો વીતી ગયા અને જ્યારે ચારસો દુબળી ગાયોમાંથી એક હજાર તંદુરસ્ત ગાયો બની ત્યારે તો સત્યકામે ઘણી ઘણી વિદ્યા મેળવી લીધી હતી. હવે એક હજાર ગાયો લઈને તે ગૌતમ ઋષિના આશ્રમે પાછો આવવા નીકળે છે ત્યારે માર્ગમાં બળદ, અગ્નિ, સૂર્ય અને જળકૂકડી પ્રકૃતિના આ ચાર પાત્રોએ તેને બ્રહ્મનું એક એક ચરણ સમજાવ્યું. વર્ષો સુધી કામ કરતાં કરતાં આ બધુ જ્ઞાન તેની અંદર જાગી જ ગયું હતું. તેથી પ્રકૃતિના તત્વો દ્વારા મળેલા આ જ્ઞાન દ્વારા તેને અખિલ બ્રહ્મનું સ્વરૂપ જાણવા મળ્યું. પછી તે જ્યારે ગૌતમ ઋષિના આશ્રમે પહોંચ્યો અને કહ્યું : 'ગુરુદેવ, આપના આશીર્વદથી આ હજાર ગાયો લાવ્યો છું, હવે મને બ્રહ્મ જ્ઞાન આપો.' ત્યારે સત્યકામને છાતી સરસો ચાંપીને ગૌતમ ઋષિએ કહ્યું, "બેટા, તારા મુખ પર હું બ્રહ્મતેજ જોઈ રહ્યો છું, તું બ્રહ્મજ્ઞાન મેળવી ચૂક્યો છે." આ રીતે વર્ષો સુધી ગુરુના સાનિધ્યમાં રહીને હોમ હવન કરતા, શાસ્ત્રો ભણતા, અધ્યયન, પઠન, પાઠન વર્ષોસુધી કરી રહેલા શિષ્યોને બ્રહ્મજ્ઞાન નહોતું થયું તે બ્રહ્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન સત્યકામને જંગલમાં રહી ગાયોની સેવા કરતા કરતાં પ્રાપ્ત થયું. આપણા ઉપનિષદોમાં, ધર્મગ્રંથોમાં આવા અનેક દષ્ટાંતો મળે છે. ગુરુની સેવા કરતાં કરતાં બ્રહ્મજ્ઞાન એવા શિષ્યને મળે છે કે જેને બીજા શિષ્યો મૂર્ખ માની મશ્કરી કરતા હતા.



ભગવાનને મેળવવા સતત તપ, જપ, ધ્યાન, શાસ્ત્રનો અભ્યાસ ચિંતન, મનન, સત્સંગ જરૂરી છે, પણ આમાંનું કંઈ જ કર્યું ન હોય પણ ભગવાનને માટે કે ગુરુને માટે ભાવપૂર્વક કાર્યો કર્યા હોય તો પણ ભગવાન મળી શકે છે. દૈનિક જીવનના સઘળા કાર્યો કરતાં કરતાં પણ પરમાત્મા સાથે એકરૂપ થઈને જીવન જીવી શકાય છે. આપણા મહાન ઋષિઓએ રચેલી વેદોની ઋચાઓ દ્વારા ઋષિઓ પરમતત્વના જ્ઞાતા હતા એ જાણી શકાય છે. તેમણએ સંસારનો ત્યાગ નહોતા કર્યો. પત્ની બાળકો શિષ્યો, પાળેલા પ્રાણીઓ, વૃક્ષો વનસ્પતિઓથી ઘેરાયેલો એમનો વિશાળ સંસાર હતો, આશ્રમોમાં રહેતા હતા. શિષ્યોને શસ્ત્ર અને શાસ્ત્રોનું જ્ઞાન આપતા હતા. આ બધા કાર્યો કરતાં કરતાં પણ તેઓ બ્રહ્મની ઉપાસના કરતા હતા. પરમાત્માના સાનિધ્યમાં જીવન જીવતા હતા અને સઘળા કાર્યો કરતાં પરમાત્મા પ્રાપ્તિ થઈ શકે છે તેનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ ઋષિઓનું જીવન છે.

*('ચાલો કામ કરતાં કરતાં પ્રભુને મેળવીએ' આ પુસ્તકમાંથી સાભાર, લેખિકા : સુ.શ્રી જ્યોતિબેન થાનકી)*

## તુવેર રૂ. ૭૫૦ : ખરીદી પુનઃ શરૂ કરાવવા સાપરીયા દિલ્હી જશે

ગુજરાતમાં તુવેરના ભાવ સતત ઘટી રહ્યા હોવા છતાં ટેકાના ભાવે ખરીદી બંધ કરવામાં આવી હોવાથી ખેડૂતો રોષે ભરાયા છે.



રાજ્યના અનેક વિસ્તારોમાં ખેડૂતોએ આ મુદ્દે પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. આથી સ્થિતિની ગંભીરતાને સમજીને ગુજરાત સરકાર મોડે મોડે આ મુદ્દે સક્રિય બની છે. જેમાં બુધવારે સાંજે ગાંધીનગર ખાતે મંત્રી મંડળની બેઠકમાં તુવેરની ખરીદી ફરીથી શરૂ કરવા બાબતે ચર્ચા થઈ હતી. આ માટે ગુજરાતના કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરીયા ગુરુવારે દિલ્હી જઈને કેન્દ્રિય કૃષિ મંત્રીને મળશે. જેમાં કેન્દ્ર સરકાર ફરીથી ગુજરાતમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી કરે એવી માંગ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૫૦ ટકા કેન્દ્ર કરકાર અને ૫૦ ટકા ગુજરાત સરકાર આ માટે ફંડ ફાળવે એ દિશામાં પણ આયોજન થઈ રહ્યું છે. ગુજરાત સરકારે આ માટે રૂા. ૧૦૦ કરોડનું રિવોલ્વિંગ ફંડ પણ પાળવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧.૨૫ લાખ મેટ્રીક ટન તુવેરની ટેકાના ભાવે ખરીદી થઈ છે. ગુજરાતના મોટાભાગના માર્કેટયાર્ડોમાં તુવેરમાં મંદી તરફી વેપાર થયો હતો અને સરેરાશ રૂા. ૭૫૦ની સપાટીએ વેપાર થયો હતો. જેમાં રાજકોટ માર્કેટયાર્ડમાં રૂા. ૬૯૦ થી રૂા. ૭૮૪, ગોંડલમાં રૂા. ૬૬૧ થી રૂા. ૭૮૧, અમરેલીમાં રૂા. ૬૦૦ થી રૂા. ૭૫૧, કડી માં રૂા. ૬૦૦ થી રૂા. ૭૧૬ ની સપાટીએ વેપાર થયો હતો.

## કૃષિમંત્રીનો બફાટ: વિધાનસભા સત્ર વખતે જ ખેડૂતો કેમ મરે છે!

ઓડિશાના કૃષિ મંત્રી પ્રદિપ મહારથીએ ખેડૂતોની આત્મહત્યા બાબતે નિવેદન આપીને પોતાની બુદ્ધિહિનતા અને લાગણીશૂન્યતાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે. બીજુ જનતા દળના પ્રદિપ મહારથીએ પોતાના એક નિવેદનમાં જણાવ્યું છે કે 'જ્યારે ઓડિશામાં વિધાનસભા સત્ર ચાલતું હોય છે ત્યારે જ કેમ ખેડૂતો મરે છે. ?' વિધાનસભા સત્ર પુરુ થાય પછી કેડૂતોના



મરવાના સમાચાર કેમ નથી આવતા ? આ નિવેદન થકી પ્રદિપ મહારથી કહેવા એ માંગતા હતા કે ખેડૂતોના મોત કે આત્મહત્યાના સમાચારને રાજકિય રંગ આપવામાં આવી રહ્યો છે. જોકે, આ વાત રજૂ કરવા માટે એમણે જે વાક્યો ઉચ્ચાર્યા એ સમગ્ર દેશના ખેડૂતોના અપમાન સમાન છે. ઓડિશાના કૃષિમંત્રીના આ બેજવાબદાર નિવેદનની સર્વત્ર ટીકા થઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## બનાસકાંઠાના ખેડૂતોનું જળ આંદોલન : જળ નહીં તો વોટ નહીં

બનાસકાંઠાના દાંતીવાડા ખાતે બુધવારે મોટી સંખ્યામાં ખેડૂતોએ એકત્ર થઈને દાંતીવાડા અને સિપુ ડેમમાંથી પાણી આપવાની માંગ કરી હતી. આ નિમિત્તે યોજાયેલી સભામાં દાંતીવાડા, ધાનેરા, ડીસા અને પાલનપુર



તાલુકામાંથી મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. જેમાં ખેડૂતોએ નર્મદાનું પાણી કેનાલ મારફતે આપવાની માંગ ઉચ્ચારી હતી. ખેડૂતોના મતે આ તાલુકાઓમાં મોટાભાગનો વિસ્તાર પાણીની અછત ભોગવી રહ્યો છે. જ્યારે અહીં આવેલા ડેમનું પાણી બીજા જિલ્લામાં આપી દેવામાં આવે છે. આથી આ વિસ્તારના ખેડૂતોને પુરતું પાણી નહીં આપવામાં આવે તો અહીંથી પાટણ જતી કેનાલનું પાણી રોકવાની ચિમકી ખેડૂતોએ ઉચ્ચારી હતી. આ ઉપરાંત જો પાણી નહીં આપવામાં આવે તો વોટ નહીં આપવાની ચિમકી પણ ખેડૂતો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે દાંદીવાડા ડેમના કમાન્ડ વિસ્તારમાં ૪૫૯૨૮ હેક્ટર ખેતીની જમીનને આવરી લેવામાં આવી છે. જેમાં આ સિઝનમાં માત્ર ૧૨૦૦૦ હેક્ટરમાં જ પાણી આપવાની જાહેરાત તંત્ર દ્વારા કરવામાં આવી છે. આ ૧૨૦૦૦ હેક્ટરમાં મોટાભાગની જમીન પાણ જિલ્લામાં આવે છે. આથી દાંતીવાડા, ધાનેરા, ડીસા અને પાલનપુર તાલુકાના ખેડૂતોએ પાણીની માંગ સાથે જળ આંદોલન આદર્યું છે.

## સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ: કેરીને નુકશાન

સૌરાષ્ટ્રના ગોંડલ, જામકંડોરણ, જસદણ, ખાંભા, સાવરકુંડલા અને વિસાવદર તાલુકાના અને ગામડાઓમાં મંગળવારે સાંજે કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેમાં અમરેલી અને જૂનાગઢ પંથકમાં વરસાદના કારણે કેરીના પાકને નુકશાન થયું હોવાની માહિતી મળી રહી છે. બે દિવસ પહેલા રાજસ્થાન ની સરહદે આવેલા ઉત્તર ગુજરાતના થરાદ સહિતના વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો.

## જૂનાગઢ યુનિ. દ્વારા ૨૯ એપ્રિલે મગફળી બિયારણનું વેચાણ...

ખેડૂતો માટે આગામી ખરીફ ઋતુની વાવણી હેતુ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તા. ૨૯ એપ્રિલે મગફળીના બિયારણનું વેચાણ કરવામાં આવશે. જેમાં જીજી-૨૦ (સર્ટીફાઈડ / ટુથફુલ) સાવજ બીજનું વેચાણ જૂનાગઢના વંથલી હાઈવે પર વાડલા ફાટક પાસે આવેલા ગુજકોમાસોલના ગોડાઉનથી કરવામાં આવશે.



મગફળીના સર્ટીફાઈડ બિયારણનો ભાવ રૂા. ૨૨૦૦ અને ટુથફુલ બિયારણનો ભાવ રૂા. ૨૧૦૦ પ્રતિ ૩૦ કિલો પ્રમાણે રાખવામાં આવ્યો છે. ખેડૂતોને વહેલા તે પહેલાના ધોરણ વેચાણ કરવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ફોન નં. ૦૨૮૫ ૨૬૭૫૦૭૦ ઉપર સંપર્ક કરવો.

કૃષિ પાકોના વિકાસ અને ઉત્પાદનમાં બિયારણનો સૌથી મહત્વનો ફાળો છે. જો બિયારણ જ ખામી યુક્ત હોય તો શરૂઆતથી જ પાક નબળો રહે છે. આથી ખેડૂતો બિયારણની ખરીદી બાબતે કોઈપણ જાતની બેદરકારી ન કરે એ સલાહભર્યું છે.

## અમૂલ હવે શાકભાજી અને ફળ પણ ખેડૂતો પાસેથી ખરીદશે

ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન એટલે કે અમૂલ હવે દૂધની સાથે શાકભાજી અન ફળનું ખરીદ વેચાણ કરવા વિચારણા કરી રહ્યું છે. પાલનપુરની બનાસ ડેરી ખાતે ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલ (સાબર ડેરી)ની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સમગ્ર રાજ્યના દૂધ સંઘોના ચેરમેન હાજર રહ્યા હતા. જેમાં હવે આગામી સમયમાં શાકભાજી અને ફળ સધા ખેડૂતો પાસેથી ખરીદને એનું વેચાણ કરવા બાબતે વિચારણા થઈ હતી. શાકભાજી અને ફળની ખરીદી બાદ એમાં વેલ્યૂ એડિશન કરીને અમૂલ બ્રાન્ડનેમ સાથે વિવિધ પ્રોડક્ટ બજારમાં મૂકવા બાબતે ફેડરેશન તૈયારી શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

## કલોંજીના ભાવ ઘટીને તળિયે આવ્યા: અનેક ખેડૂતો પછતાયા

કલોંજીના ભાવ ઘટીને સરેરાશ રૂા. ૧૫૦૦ ની સપાટી આસપાસ આવી જતા રાજ્યના અનેક ખેડૂતોને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ઘણાં ખેડૂતોએ મોંઘુ બિયારણ લાવીને કલોંજીનું વાવેતર કરેલું હતું. કલોંજીએ ઔષધિય ગુણ ધરાવતો મસાલા પાક છે. મસાલા પાકમાં ગણી શકાય છતાં એના તેલના ઔષધિય ગુણો પણ છે. આમ તો મધ્યપ્રદેશનો જાવરા અને નીમચ વિસ્તાર કલોંજીના વાવેતરનો બેલ્ટ ગણાય છે. જો કે, પાછલા ચાર વર્ષ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના ઘણા ગામડાઓમાં કલોંજીના અખતરારૂપે ખેડૂતોએ વાવેતર કર્યા હતા. ગત વરસે એમાં બહું ફાવટ ન આવી નહહોતી. જ્યારે આ વખતની રવિ સિઝનમાં ઉત્તર ગુજરાતના ધાનેરા, થરાદ, ભાભર, દિયોદર, રાધનપુર જેવા વિસ્તારમાં ઘણા ખેડૂતોએ પ્રતિ ૨૦ કિલોના રૂા. ૧૫૦૦ ભાવ નક્કી કરી કોંટ્રાક્ટ બેઈઝ ઉપર કલોંજીના વાવેતર કર્યા હતા. મધ્યપ્રદેશની માર્કેટ પર નજર કરીએ તો જાવરા મંડીમાં વિતેલા સપ્તાહ દરમિયાન પ્રતિ ૨૦ કિલોના રૂા. ૧૨૦૦ થી રૂા. ૧૬૪૦ ભાવ હતા. નીમચ મંડીમાં રૂા. ૧૪૮૦ થી ૧૬૮૦ના ભાવ જાણવા મળ્યા છે. રાજકોટ પીઠામાં સૌરાષ્ટ્રના છૂટાછવાયા ગામડા ઉપરાંત રાધનપુર પંથકના ખેડૂતોનું ક્લોંજિ વેચવા આવતું હોવાની વાત કરતા રાજકોટ યાર્ડમાં આવેલ મારૂતિ ટ્રેડર્સના હિરેનભાઈ કહે છે કે ઉપરથી ડિમાન્ડ ઓછી હોવાને કારણે છેલ્લા સપ્તાહ દરમિયાન કલોંજીના ભાવમાં રૂા. ૧૦૦ જેવો ઘટાડો આવ્યો છે. હાલ રાજકોટ યાર્ડમાં દરરોજ સરેરાશ ૫૦ દાગીના જેવી આવક સામે પ્રતિ ૨૦ કિલોના રૂા. ૧૪૦૦ થી રૂા. ૧૭૫૦ જેવા ભાવે વેપાર થાય છે. ગોંડલ યાર્ડ સૂત્રોના કહેવા મુજબ કલોંજીની આવકો છૂટક - પૂટક થઈ રહી.

## તલાલામાં કેસર કેરીની હરાજીનો શુભારંભ ૧૦૮૧૫ બોક્સની આવક

તાલાલા ગીર માર્કેટયાર્ડ ખાતે શનિવારથી કેસર કેરીની હરાજીનો શુભારંભ થયો હતો. જેમાં પ્રથમ દિવસે ૧૦૮૧૫ બોક્સ (૧૦ કિલો)ની આવક થઈ હતી. જેમાં તેજી સાથે રૂા. ૧૯૫ થી રૂા. ૫૨૫ની



સપાટીએ ભાવ જોવા મળ્યા હતા. વેપારીઓના મતે આ વર્ષે ગત વર્ષની સરખામણીએ કેસર કેરીનું ઉત્પાદન ઓછુ થશે. સમગ્ર દેશમાં આ વર્ષે કેરીનું ઉત્પાદન સામાન્ય વધે એવી શક્યતા સરકાર દ્વારા સેવવામાં આવી છે. ગયા વર્ષે દેશમાં ૧૮૬ લાખ ટન કેરીનું ઉત્પાદન થયું હતું. જ્યારે આ વર્ષે આ આંકો વદીને ૧૯૨ લાખ ટન થાય એવી શક્યતા છે. આ ઉપરાંત આ વર્ષે કેરીની નિકાસ વધીને ૫૦ હજાર ટન થવાની શક્યતા છે.




**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

**'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬**

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)




**યોજનાનો ઉદ્દેશ :**

- સ્વચ્છ અને સ્વાસ્થ્યને ઉત્તેજન આપીને અને ખુલ્લામાં શૌચક્રિયા સદંતર બંધ કરાવી ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવો.
- ૨ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારત હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતાને આવી લેવી.
- સલામત અને ટકાઉ સ્વચ્છતા માટે ઓછી ખર્ચાળ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવું.
- ગ્રામીણ વિસ્તારોમાં ધન અને પ્રવાહી કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત સમુદાય વ્યવસ્થાવાળી પદ્ધતિઓ વિકસાવવી.

સ્વચ્છતા બાબતે માનસિક બદલાવ લાવવા માટે લોકજાગૃતિ કેળવવી.

**પાત્રતાના ધોરણો :**

- વર્ષ ૨૦૧૨માં શોચાલય વિહોણા કુટુંબોના બેઝલાઈન સર્વેમાં નોંધાયેલ તમામ બીપીએલ કુટુંબો.
- એપીએલ કેટેગરી પૈકી નિયત કરેલ નીચે જણાવેલ વિગતોના પાંચ કેટેગરીવાળા કુટુંબો
- અનુસૂચિત જાતીના કુટુંબો અનુસૂચિત જનજાતિના કુટુંબો.
- નાના અને સિમાંત ખેડૂતોના કુટુંબો
- જમીન વિહોણા ખેતમજૂર કુટુંબો
- મહિલા કુટુંબના વડા હોય તેવા કુટુંબો
- કુટુંબના વડા અપંગ હોય તેવા કુટુંબો.

**યોજનાના ફાયદા / સહાય**

- લોક માનસમાં પરિવર્તન લાવી અસવ્છતાલક્ષી સ્થિતિમાં એકંદરે સુધારો લાવવો.
- ઘર આં ગણે શોચાલય હોવાથી દૂર ચાલીને ન જવું પડે તેમજ તડકામાં, વરસાદમાં, શિયાળાનીસઠંડીમાં હેરાન ન થવું પડે.
- ઘરના બાળકો, વૃદ્ધ અપંગ તથા માંદા માણસોને સરળતા રહે.
- મહિલાઓ અને દિકરીઓ તેમજ સગર્ભા બહેનો માટે આશીર્વાદ સમાન, જેતી તેમનું માન તથા આબરૂ જળવાઈ રહે.
- માખી, મચ્છથી ફેલાતા રોગોમાં ઝાડા, કોલેરા, ટાઈફોઈડ અને કરમીયા જેવા રોગોથી બચી શકાય.
- બાળકોમાં સ્વચ્છતાલક્ષી સંસ્કારોનું સિંચન.

**પ્રક્રિયા :**

- લાભાર્થી કુટુંબોએ વ્યક્તિગત શોચાલય માટે પ્રોત્સાહક સહાય મેળવવા ગ્રામ પંચાયત અરજી કરવી.
- તાલુકા વિકાસ અધિકારી કક્ષાએ ગ્રામ પંચાયત દ્વારા ભલામણ થઈ આવેલ અરજીઓ મંજૂર કરવી.
- લાભાર્થી કુટુંબ દ્વારા વ્યક્તિગત શોચાલયનું બાંધકામ પૂર્ણ કરવું.
- વ્યક્તિગત શોચાલયના બાંધકામની કામગીરી પૂર્ણ થયાની જાણ લાભાર્થી દ્વારા પંચાયતને કરવાની રહેશે.
- પૂર્ણ થયેલ શોચાલયની ચકાસણી તાલુકા જિલ્લાના એન્જીનીયર દ્વારા કરાવી તેમના પ્રમાણપત્રના આધારે તાલુકા વિકાસ અધિકારીને દરખાસ્ત કરાવીને લાભાર્થીને પ્રોત્સાહક સહાય ચુકવવા માટેની કાર્યવાહી કરવી.

**અમલી કરણ કચેરી / એજન્સી / સંસ્થા**

- **જીલ્લા કક્ષાએ :** જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી
- **તાલુકા કક્ષાએ :** તાલુકા પંચાયત,
- **ગ્રામ કક્ષાએ :** ગ્રામ પંચાયત

## વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકાર) (નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના)

નિરાધાર વૃદ્ધ અને નિરાધાર અપંગને નાણાંકીય સહાય યોજના

**યોજનાનો ઉદ્દેશ :**

નિરાધાર વૃદ્ધો અને અપંગ નિરાધારોને નિભાવ માટે નાણાંકીય સહાય આપવી.

**પાત્રતાના ધોરણો :**

(૧) અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઈએ. અપંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષથી વધુ અને અપંગતાની ટકાવારી ૭૫ ટકા થી વધુ હોવી જોઈએ.

(૨) ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઈએ. પુખ્ત વયનો પુત્ર હોય પરંતુ શારીરિક, માનસિક અપંગતા ધરાવતો કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતો હોય.

(૩) અરજદની વાર્ષિક આવક :

ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦/- થી વધુ ન હોય.

**યોજનાના ફાયદા / સહાય**

રૂા. ૪૦૦/- માસિક (રાજ્ય સરકારનો ફાળો)

**પ્રક્રિયા :**

તાલુકા મામલતદારને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા :**

મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેક્ટરશ્રી હેઠળના ૨૪૯ તાલુકા મામલતદારશ્રીઓ.

**અન્ય શરતો :**

છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસાવટ કરતો હોય જોઈએ.

## જૂન-૨૦૧૭થી શરૂ થતાં ચોમાસાનાં વરસાદનો વરતારો

વર્ષ ૨૦૧૫નાં ચોમાસામાં ભડલી વાક્યો, વનસ્પતિ, પ્રાણીપક્ષીઓનું વર્તન, લોક વાયકાઓ, હોળીનાં પવનનાં આધારે આગામી જૂન ૨૦૧૭થી શરૂ થતાં ચોમાસામાં સંભવિત વરસાદ નીચે પ્રમાણે થવાની શક્યાતાઓ છે. છતાં ક્યાં અને કેટલો વરસાદ થશે તે કુદરતને આધીન છે. આ ફક્ત અનુમાન છે, વરસાદ થાય જ તેવું જરૂરી નથી. પ્રમાણમાં સારા ચોમાસાની સંભાવનાઓ છે.

– **મે-૨૦૧૭ :**
૨૫, ૨૬, ૨૭ સામાન્ય વરસાદ (અડધો ઈંચ), પ્રિમોન્સુન સામાન્ય વરદાસ

– **જૂન-૨૦૧૭ (આ માસમાં નબળો વરસાદ આવી શકે) :**
૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ સામાન્ય વરસાદ (૧ ઈંચ)
૨૩, ૨૪, ૨૫, ૨૬ સામાન્ય વરસાદ (અડધા થી ૧ ઈંચ)

– **જુલાઈ-૨૦૧૭ (આ માસમાં સારો વાવણીલાયક વરસાદ આવી શકે છે) :**
૧ થી ૭ જોરદાર વાવણી લાયક વરસાદ (૩ - ૪ ઈંચ)
૧૯ થી ૨૪ મધ્યમ વરસાદની શક્યતાઓ (૧ - ૨ ઈંચ)
૨૬ થી ૩૦ જોરદાર (૩ - ૪ ઈંચ) વરસાદની શક્યતા

– **ઓગસ્ટ-૨૦૧૭ (માસમાં ખુબ સારો વરસાદ)**
૧ થી ૧૦ જોરદાર અતિભારે વરસાદની શક્યતા (૩ - ૪ ઈંચ), હેલી થાય તેવા સંજોગો.
૧૪ થી ૨૧ સારા વરસાદની શક્યતા (૨ - ૩ ઈંચ)
૨૫ થી ૩૧ સારા વરસાદની શક્યતા (૨ - ૩ ઈંચ)

– **સપ્ટેમ્બર-૨૦૧૭**
૧૦ થી ૧૫ સામાન્ય વરસાદની સંભાવના (૧ - ૨ ઈંચ)
૧૭ થી ૨૫ જોરદાર વરસાદ (૪ - ૫ ઈંચ)
૨૮ થી ૩૦ સામાન્ય વરસાદ (૧ - ૨ ઈંચ)

– **ઓક્ટોબર-૨૦૧૭**
૧, ૨, ૩ સામાન્ય વરસાદ (૧ - ૨ ઈંચ), ૭, ૮, ૯ સામાન્ય વરસાદ (૧ - ૨ ઈંચ)

**તારણો :**.................................................................

= ચોમાસું ૧૨ થી ૧૪ આની (૮૫ ટકા) રહેવાની શક્યતા છે, પ્રમાણમાં સારા ચોમાસાનો અંદાજ છે.
= ૨૫મી થી વરસાદની શરૂઆત થશે પરંતુ ગુજરાતમાં વાવણી જુનમાં નહીં પણ જુલાઈ માસનાં પ્રથમ પખવાડિયામાં થશે.
= વાવણી મોડી થશે, શરૂઆતનાં જુન માસનાં વરસાદ નબળા પરંતુ પાછ્ળાં વરસાદ સારા થાય તેવી શક્યતા છે.
= ૨ થી ૧૨ ઓગસ્ટ દરમ્યાન હેલી થાય તેવો વરસાદ આવી શકે છે.
= સૌરાષ્ટ્રનાં જળાશયો આ વર્ષે વરસાદી પાણીથી ભરાય તેવી સંભાવનાઓ છે.
= કુલ વરસાદના દિવસો ૬૦ થી ૬૫ રહેવાની સંભાવનાઓ છે.
= ૧૫ મી ઓક્ટોબર બાદ ચોમાસું વિદાય લેશે. વરસાદની તારીખોમાં બે ત્રણ દિવસનો તફાવત આવી શકે છે.

ભગવાનભાઈ જસમતભાઈ સુરાણી
જે.સી. કુમારપ્પામહાવિદ્યાલય,
મુ. ગઢડા (સ્વા) જી. બોટાદ
મો. : ૯૯૨૪૯૯૪૦૭૦/૯૪૨૬૬૬૪૦૭૦

**ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અંગે હવેથી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા ઓન લાઈન અરજીઓ સ્વીકારવા અંગે નિગમના વહીવટી સંચાલકશ્રીએ તમામ જિલ્લાના નાયબ નિયામક (જમીન સંરક્ષણ) ને નીચે મુજબ પત્ર દ્વારા જાણ કરેલ છે.**

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. દ્વારા

જા.નં. ટેક / ૭૩ /આઈ-ખેડૂત/નવી યોજના અરજી / ૮૦૧૯ - ૮૦૪૭ / ૧૭, તા. ૨૦-૪-૨૦૧૭

પ્રતિ,

નાયબ નિયામક (જ.સં.), ગુજ.રા.જ.વિ.નિ.લી. તમામ

**વિષય : ખેડૂતનાં ખેતરની ફરતે ફેન્સીંગ બનાવવાની યોજનાની અરજીઓ બાબત...**

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ ખેડૂતના ખેતરની ફરતે વાડ / ફેન્સીંગ બનાવવાની નવી યોજનાની અરજદાર પાસેથી ઓનલાઈન અરજી સ્વીકારવા માટે આઈ - ખેડૂત પોર્ટલને તા. ૨૧-૪-૧૭ થી ૩૧-૫-૨૦૧૭ (રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી) શરૂ કરવામાં આવશે. સદર બાબતે આપના તાબા હેઠળની ઉપ - વિભાગીય કચેરીઓ / ક્ષેત્રિય સ્ટાફને માહિતગાર કરવા તથા તેમના દ્વારા સદર યોજનાની ઓનલાઈન અરજી બાબત ક્ષેત્રિય કક્ષાએ જરૂરી પ્રચાર અને પ્રસાર કરવો અને જરૂરીયાતમંદ દ્વારા વધુમાં વધુ અરજીઓ થાય તે મુજબનું સઘન આયોજન કરવા / કરાવવા જરૂરી સૂચના આપવી. મળેલ અરજીઓ પૈકી મંજુર કરવા પાત્ર થતી અરજીઓની ચકાસણી કરી મંજુરીના આદેશોનું વિતરણ કૃષિ મહોત્સવ - ૨૦૧૭ દરમિયાન કરવા માટેનું આયોજન અચુક તૈયાર કરવાનું રહેશે.

વહીવટી સંચાલક વતી,

# ધરતીકંપ બાદ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં નવું નિર્મિત થયેલ ગુણાતીતપુર બન્યું આદર્શ ગામ...

ગુણાતીતપુર ગામ એક 'આદર્શ ગામ' નું સ્વરૂપ લઈ ચુક્યું છે. આ ગામ ડ્રીપ આધારિત આધુનિક ખેતીવાડી સાથે બાગાયતી ખેતી ધરાવતું હબ બનવા જઈ રહ્યું છે. ખેતીવાડી ઉપરાંત કોમર્શિયલ ધંધામાં પણ પ્રવેશી ચૂક્યું છે. આ ગામમાં ઉત્સાહી વડીલો, યુવકો તથા બહેનોના સાથ - સહકાર વડે સામાજિક પ્રવૃત્તિઓ ચાલતી રહે છે.

તા. ૮-૨-૧૭ના દિવસે સરકારના માનીતા વડાપ્રધાનશ્રીનું 'સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત' સ્વૈચ્છિક સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને ગામના કચરાનો નિકાલ કરવામાં આવેલ. આ પ્રસંગે ગામનાં તમામ વૃક્ષોને લાલ - ઘેરૂવા તથા સફેદ રંગ વડે રંગરોગાન કરીને ચમકાવવામાં આવેલ. આ કડીમાં 'કેશલેશ ગામડું' યોજનાને સફળ બનાવવા ICICI બેંકના કર્મચારીઓને બોલાવીને ચોકમાં પુરા દિવસ માટે ખાતાઓ ખોલવામાં આવેલ હતા. ગુજરાત રાજયમાં પ્રથમ 'કેશલેશ ગામ' બનતા આ આયોજનને પ્રોત્સાહન રૂપે સરકારશ્રી દ્વારા માતબર રકમનું પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ. તા. ૧૨-૨-૨૦૧૭ના દિવસે સવારે યુવક મંડળ દ્વારા 'બ્લડ ડોનેશન'નો કાર્યક્રમ ગુણાતીતપુર ગામના યુવકો પ્રવિણ પટેલના નેતૃત્વમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૭૫ જણે બ્લડ ડોનેટ કરેલ.

તા. ૧૨-૨-૧૭ના દિવસે સાંજના ૫ વાગ્યા બાદ પૂર્વ કચ્છ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તથા ગુણાતીતપુર ગામના સંયુક્ત પ્રયાસ વડે કબડ્ડીનું આયોજન રાખેલ. આ અવસરે આ વિસ્તારના ભચાઉં, શિકરા, લુણવા, ગુણાતીતપુર, દુધઈ, ધડાકડા, કુભારકી, ચોપડવા તથા સંગમનેર ગામની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રસંગે સાંજના સૌના ભોજનનું પણ આયોજન હતું. આ સ્પર્ધાને સૌએ આવકારેલ.

તા. ૧૯-૨-૨૦૧૭ના રવિવારના દિવસે ગામની ઉત્સાહી મહિલાઓએ 'આનંદ મેળા' નું સાંજ ૬ થી ૧૦ વાગ્યા સુધી આયોજન રાખેલ. ગામમાં કુલ ૧૧ ચોક છે. ચોક પ્રમાણે મહિલાઓએ પોતાની પસંદગી પ્રમાણેના સ્ટોલો ઉભા કરેલ. મેળાનો લાભ પુરા ગામના લોકોએ લીધેલ. યુવક મંડળના ભાઈઓએ લાઈટ, બોર્ડ તથા સ્ટોલો ઉભા કરીને સગવડ પ્રાપ્ત કરાવેલ.

**આધુનિક ખેતી, સજીવ ખેતી, શાકભાજી અને બાગાયતી ખેતીમાં અગ્રેસર બનીને અનેકને માટે પ્રેરણારૂપ બન્યું ભારતીય કિસાનસંઘના વરીષ્ઠ પ્રદેશ અગ્રણી મા. વિઠ્ઠલભાઈ ભીમાણીનું પણ સતત મળતું માર્ગદર્શન.**

*'પાટીદાર સંદેશ'માંથ સાભાર.*

તા. ૧૨-૩-૧૭ના દિવસે યુવક મંડળ દ્વારા 'હેલ્થ બોડી ચેકઅપ' નું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ગામના જ યુવા ડૉ. પ્રવિણભાઈ પટેલ, ડૉ. ભાવેશ પટેલ (અંજાર) તથા અન્ય ડૉક્ટરોમાં ગાંધીધામ, આદિપરથી આવીને નજીવા દર થી ૧૮૦ થી ૨૦૦ ની સંખ્યામાં ગામ લોકોએ બોડી ચેકઅપ કેમ્પનો લાભ લીધેલ.

આમ આદર્શ ગામ ગુણાતીતપુરમાં સતત વિવિધ પ્રવૃત્તઓ ધમધમતી રહે છે. આ પ્રવૃત્તિઓને સફળતા અપાવવા માટે ગુણાતીતપુર ગામ વિકાસ મંડળના યુવા પ્રમુખ શ્રી છગનલાલ વેલાણી, વીરજીભાઈ રૂડાણી, પુરૂષોત્તમભાઈ રૂડાણી, અમૃતભાઈ રવાણી, જગદીશભાઈ રૂડાણી, વિજયભાઈ પોકાર, કાન્તિભાઈ પટેલ તથા કરમશીભાઈ રૂડાણી ઉપરાંત વડીલો, મહિલા મંડળની બહેનોના સહિયારા પ્રયત્નોથી પૂર્ણ કરવામાં આવેલ છે.

# પંચગવ્ય અને ઉત્તમ સંતતિ

ગાયના દૂધ - ઘી સહિત પંચગવ્યનો ગર્ભસ્થ શિશુના વિકાસ પર બહુ ઉત્તમ પ્રભાવ પડે છે. સગર્ભાવસ્થાના આહાર - વિહારમાં ગોરસનું બહુ જ મહત્વ હોય છે. આયુર્વેદમાં બતાવેલ 'ગર્ભિણી પરિચર્યા', 'એન્ટિનેટલ કેર' દરમ્યાન ગાયના દૂધ, દહીં, છાશ, માખણ, દૂધની મલાઈ, રબડી, ખીર, રસગુલ્લા આદિ ગવ્ય પદાર્થોનું દરેક માસમાં વિશેષ વર્ણન છે.

સગર્ભાવસ્થાના ૯ માસ દરમ્યાન દરેક મહિને ગર્ભસ્થ શિશુના જે પ્રમાણે શરીરના અવયવો અંગ - ઉપાંગોનો વિકાસ થતો હોય છે તે પ્રમાણે વિવિધ પ્રકારના ગોરસનો વિશેષ ઉપયોગ શાસ્ત્રકારોએ બતાવ્યો છે. સગર્ભાવસ્થા દરમ્યાન દૂધ આદિ ગવ્યના મહત્વની આગળ ઉપર વિગતથી છણાવટ કરીશું પરંતુ ગાય અને ગવ્યનું સગર્ભાવસ્થા પહેલા જ ઘણું મહત્વ રહેલું છે.

**ગાય પંચગવ્ય અને વંધ્યત્વ**

જ્યારે લગ્નનાં ૨ - ૩ વર્ષનો સમય થઈ ગયો હોય અને ઘણા પ્રયત્નો છતાં પ્રેગનેન્સી રહેતી ત્યારે પતિ - પત્ની તેમજ પરિવારના વડીલો ચિંતામાં પડી જાય. છે અને ડૉક્ટર કે વૈદ્ય પાસે તપાસ કરાવવા જાય છે, ત્યારે યા તો પુરુષોમાં શુક્રાણુની ખામી હોય છે. અથવા તો સ્ત્રીબીજ બનવામાં સમસ્યા હોય છે. આવા સમયે ગાય અને ગાયના પંચગવ્યની ખાસ ઉપયોગિતા રહેલી છે.




**ગાયના દૂધ અને ઘી થી શુક્રાણુની ખામી દૂર થાય છે:**

ગાયના દૂધને શુર્કલ (શુક્ર વધારનાર) કહ્યું છે. ગાયના દૂધ અને ઘી દ્વારા પુરુષના શુક્રાણુઓની ચિકિત્સા બતાવેલ છે. જેમાં વિવિધ ઔષધોથી બનાવેલી ખીર અથવા ઘી સાથે સિદ્ધ કરેલ ઔષધો દ્વારા શુક્રાણુઓની ખામી દૂર કરી શકાય છે.

**સ્ત્રી વંધ્યત્વમાં પણ ગવ્ય ચિકિત્સા :**

સ્ત્રીના બીજાણુને લગતી કે ફેલોપિઅન ટ્યૂબને લગતી કે સ્ત્રી શરીરના અંદરના પ્રજનન તંત્રની ખામી હોય ત્યારે ગૌમૂત્ર અને તેનાથી વિવિધ ઔષધિઓની ચિકિત્સા ખૂબ જ ઉપયોગી રહે છે.

**વંધ્યત્વમાં પંચગવ્ય આધારિત પંચકર્મ :**

પુરુષ વંધ્યત્વ હોય, કે સ્ત્રી વંધ્યત્વ હોય બન્નેમાં પુરુષ બીજ (શુક્રાણુ) કે સ્ત્રી બીજ બન્નેની ખામી હોય તેમાં આંતરિક શરીર શુદ્ધિ (ઈન્ટરનલ ક્લીનઝિંગ અથવા સેલ્યુલર ક્લીનઝિંગ) ની પ્રક્રિયા અર્થાત પંચકર્મ ચિકિત્સા કરવી પડતી હોય છે. જેમાં ગૌમુત્ર, ગૌદૂગ્ધ, ગૌધૃત આદિનો વિશેષ ઉપયોગ કરી સંપૂર્ણ શરીરમાં રહેલા ટીસ્યુ કે સેલ લેવલે જમા થયેલ કચરો (Toxins) દૂર કરીને સ્ત્રી બીજ કે પુરુષ બીજની ખામી દૂર કરવામાં આવે છે.

પુરાણ કાળમાં રઘુવંશ જેના પરથી નામ પડ્યું છે તેવા રાજા રઘુ હોય કે રાજા દિલીપ અને છેલ્લે રાજા દશરથ આ મહારાજાઓને સંતાન પ્રાપ્તિ માટે ઘણા પ્રયત્નો કરવા પડ્યા હતા. અને શાસ્ત્રોમાં વર્ણન છે તે મુજબ શ્રૃંગી ઋષિ દ્વારા મહારાજા દશરથથી ચિકિત્સાહ કરવામાં આવી હતી. પુત્રેષ્ટિયનની પ્રસાદી સ્વરૂપે ખીર (આયુર્વેદ ઔષધિઓથી તૈયાર કરેલ દૂધની બનાવટ) ચારેય રાણીઓને આપવામાં આવેલી ત્યારબાદ ભગવાન શ્રીરામ, શ્રી લક્ષ્મણ, કુમાર શ્રી ભરત અને શત્રુઘ્ન નામના પરાક્રમી પુત્રોની પ્રાપ્તિ થઈ હતી.

**સગર્ભાવસ્થાના ૯ મહિના અને ગોરસ :**

આગળ આપણએ જોયું તે મુજબ ગર્ભાવસ્થા રહ્યા બાદ ગર્ભના શારીરિક - માનસિક તેમજ તેના મસ્તિસ્કનો ક્રમશઃ વિકાસ થાય છે. દરેક મહિના શરીરના અંગ - અવયવોનો વિકાસ થાય છે. જેમ કે ત્રીજા મહિને હૃદયનો વિકસ, ચોથા મહિને હાડકાનો વિકાસ, પાંચમા મહિને મન અને ઈન્દ્રિયોનો વિકાસ, છઠ્ઠા મહિને મસ્તિષ્ક અને બુદ્ધિનો વિકાસ, સાતમા મહિને સ્નાયુનો વિકાસ થાય છે. આમ દરેક મહિને શરીરના અંગ - અવયવ જેનો વિકાસ થતો હોય તે મુજબ વિવિધ અન્ન - પાન અને ઔષધ તેમજ વિહાર બતાવેલ છે. આ મુજબ છે.

**પહેલો માસ :** (૧) દેશી ગાયનું દૂધ ૧ - ૧ કપ દિવસમાં ૨ થી ૩ વખત (૨) પાતળી ખીર - નાળિયેર પાણી - મગનું પાણી (૩) ગાયનું દૂધ ગર્ભવતીને ચાંદીના ગ્લાસમાં આપવાથી ગર્ભવતી સ્ત્રીના પેટમાં રહેલા બાળક તેજસ્વી બને છે.

**બીજો માસ :** (૧) એલચી વાળું દૂધ (૨) દૂધ - પૌવા (૩) નારિયેળ પાણી (૪) મગનું પાણી

**ત્રીજો માસ :** આ મહિનામાં ગર્ભના હૃદયનો વિકાસ થાય છે ત્યારે (૧) ગાયના દૂધમાં ૧ ચમચો દેશી મધ નાખી આપવું (૨) દૂધ + ગુલકંદ આપવું (૩) આમળાનો મુરબ્બો આપી શકાય

**ચોથો માસ :** (૧) દૂધ આપવું (૨) સાથે દૂધમાંથી નીકળેલું ક્રીમ આપવું (૩) દહીં + ભાત (૩) ખાટા - મીઠા ફળો આપી શકાય.

**પાંચમો માસ :** આ માસમાં મન અને ઇન્દ્રિઓનો વિકાસ થાય છે ત્યારે ગર્ભવતીને (૧) ખીર (૨) દૂધ પૌવા (૩) નાળિયેર પાણી (૪) કોપરા પાક (દૂધી - ઘીમાં પકાવેલ) (૫) ગાયના દૂધમાં ૧ ચમચો ઘી નાખીને આપવું.

**છઠ્ઠો માસ :** આ માસમાં ગર્ભની બુદ્ધિનો વિકાસ થાય છે તેથી (૧) ઔષધિ યુક્ત ઘી અને દૂધ (૨) દૂધની મલાઈ (૩) દૂધની મીઠાઈ (૪) બદામ - અખરોટ (૫) દહીં અને મિસરી (૬) શ્રીખંડ આપવો જોઈએ.

**સાતમો માસ :** (૧) દૂધની મલાઈ અને ભાત (૨) કેળા, સંતરા મોસંબી (૩) ઔષધિયુક્ત ઘી અને ભાત (૪) ઔષધિયુક્ત ઘી અને દૂધ આપવામાં આવે છે.

**આઠમો માસ :** (૧) દૂધથી બનાવેલી પાતળી રાબ (૨) ખીર (૩) મગનું પાણી (૪) ખુબ ઢીલી ખીચડી (૫) ખુબ ચડેલા ભાત અને દૂધ

**નવમો માસ :** (૧) ઘી વાળી પાતળી રાબ (૨) ઘી નાખેલી ઢીલી ખીચડી (૩) ઘી, ભાત, મિસરી (૪) મગનું પાણી, રાત્રે સુવા સમયે નવસેકા દૂધમાં ૧ ચમચી ગાયનું ઘી નાખીને સગર્ભા બહેને લેવું જોઈએ.

આ પ્રકારે ૯ મહિનાના શાસ્ત્રોક્ત આહાર, વિહાર ગાયના દૂધ, દહીં, માખણ, ઘી ઈત્યાદીનું ખુબ જ મહત્વ છે. જેતી બાળક તેજસ્વી - સુંદર દેખાવડુ તેમજ બુદ્ધિમાન પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત ગર્ભાધાન સંસ્કાર - પુંશવ સંસ્કાર સિમન્ત સંસ્કાર - આદિ વિવિધ સંસ્કારવિધિઓ ગૌશાળામાં ગાય માતાની હાજરીમાં ગવ્ય લેપન સાથે કરવામાં આવે છે. ગર્ભસ્થ શિશુ અને જન્મ બાદ સુવર્ણપ્રાશન સંસ્કારથી નવજાત શિશુમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ માટે ગાય અને પંચગવ્ય મહત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીન ભારતના 'ઉત્તમ સંતતિ'ના વિજ્ઞાનની આજે વિશ્વને કુબ જ જરૂરત છે. વારસાગત રોગથી મુક્ત સિશુ જન્મે ફક્ત એટલું જ નહીં પરંતુ બાળક જન્મથી જ સુંદર, તેજસ્વી અને પરાક્રમી તથા બુદ્ધિવાન બને છે.

**જ્યારે ગાય અને અન્ય પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા આચરવામાં આવે છે ત્યારે મને આવતી પેઢીની ચિંતા થાય છે.**

*-લાલા લજપત રાય*

# ઓર્ગેનિક કઠોળની ૫૦ હજાર ટનની નિકાસ છૂટ

કેન્દ્ર સરકારે દેશમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અને દેશમાં કઠોળનાં ઘટી રહેલા ભાવને નિયંત્રણમાં રાખવા માટે ઓર્ગેનિક વિવિધ પ્રોડક્ટની નિકાસમાં નિયંત્રણો દૂર કર્યા છે, જેમાં ઓર્ગેનિક કઠોળની અત્યાર સુધી માત્ર ૧૦ હજાર ટનની જ નિકાસ છૂટ હતી, જે હવે વધારીને ૫૦ હજાર ટન કરવામાં આવી છે.

ઓર્ગેનિક કઠોળની નિકાસ માટે નિકાસકરોએ સરકારી એજન્સી એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફુડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવોલપમેન્ટ ઓથોરિટી (અપેડા) સમક્ષ નોંધણી કરાવવી પડસે અને તેની મંજુરી બાદ નિકાસ કરવામાં આવશે. ડિરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન પ્રમાણે સરકારે ઘઉં, નોન બાસમતી ચોખા (જેમાં ડાંગરનો પણ સમાવેશ થાય છે), ખાદ્યતેલ અને ખાંડ કે ઓર્ગેનિક હોય તેની અમર્યાદીત નિકાસ કરવાની છૂટ આપી છે. અત્યાર સુધી દરેક કોમોડિટીમાં ૫ હજાર ટનથી લઈને ૧૦ હજાર ટન સુધીની નિકાસ છૂટ હતી. કેન્દ્ર સરકારે દેશમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે દેશભરમાં અભિયાન પણ હાથ ધર્યું છે અને હાલ ખેડૂતોને તેની ઓર્ગેનિક પ્રોડક્ટનાં ભાવ મળતા ન હોવાથી તે મોટો પ્રશ્ન છે, જેને પગલે સરકારે ઓર્ગેનિક પ્રોડક્ટની નિકાસ છૂટ આપી હોવાથી ખેડૂતોને આંશિક રાહત મળી શકે છે.

## કિસાન સંઘની માણસામાં બેઠક

# પાક વિમાની ફરજિયાત વસુલી સામે ખેડૂતોમાં રોષ

***ભારતીય કિશાન સંઘ માણસા વિભાગની મળેલી બેઠકમાં હાજર ખેડૂત આગેવાનો દ્વારા બેન્કમાંથી લેવાતી લોન વખતે ફરજીયાત વસુલવામાં આવતી પાક વિમાની રકમ સામે રોષ પ્રગટ થયો હતો. બેઠકમાં પાક વિમા વસુલીને મરજીયાત બનાવીને માણસા વિસ્તારનાં ખેડૂતોની પાણીની સમસ્યા અને ઉપજનાં પોષણયુક્ત ભાવ મુદ્દે યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન ચલાવવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.***

માણસામાં મળેલી ભારતીય કિશાન સંઘની આ બેઠકમાં જુદા જુદા તાલુકાનાં ખેડૂત આગેવાનો તથા મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. જેમાં ખેડૂતોને લગતા વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચાનાં અંતે ૩ ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં તાજેતરમાં રાષ્ટ્રીયકૃત બેન્કો પાસેથી ધીરાણ મેળવનાર ખેડૂતો પાસેથી બેન્કો દ્વારા પાક વિમાનાં નામે ફરજિયાત રકમ વસુલવામાં આવે છે તે બંધ કરવી જોઈએ અથવા મરજીયાત હોવી જોઈએ, ડાર્ક ઝોનમાં મુકાયેલા માણસા તાલુકાનાં ગામોમાં સરકાર દ્વારા પાણીની સમસ્યા સરકારે હલ કરવાની વાત સરકારે કરી હતી. પરંતુ તેનું નિવારણ થયું નથી. સરકારે તેનું વહેલી તકે નિરાકરણ લાવવું જોઈએ તથા ઠરાવનાં ત્રીજા મુદ્દામાં ખેડૂતોને તેમની ઉપજનો મહેનત પ્રમાણે તથા ખર્ચ મુજબ બજાર ભાવ મળવો જોઈએ. ખેડૂતોને ઉપજનો પુરો ભાવ મળતો ન હોવાથી દિન પ્રતિદીન ખેડૂત દેવાદાર બનતો જાય છે. સરકાર તે બાબતને ગંભીરતાથી લઈને પોષણક્ષમ ભાવ આપે તેવી માંગ ઉઠી હતી. આ તમામ પ્રશ્નોની કિશાન સંઘ દ્વારા સરકારમાં રજુઆત કરાશે.

**પોષણયુક્ત ભાવ મુદ્દે ઉકેલ નહીં આવે તો કિસાનસંઘની આંદોલનની ચીમકી**

સરકાર દ્વારા વહેલી તકે તેનો ઉકેલ નહીં લાવવામાં આવે તો માણસા ભારતીય કિશાન સંઘ દ્વારા જલદ આંદોલન છેડવામાં આવશે તેમ વિભાગનાં પ્રમુખ પ્રકાશભાઈ પટેલ તથા મંત્રી ગોવાભાઈ ચૌધરીએ પોતાનાં નિવેદનમાં જણાવ્યું હતું.

# ઉત્તર ગુજરાતમાં ગૌ સંવર્ધન માટે દરેક તાલુકામાં નંદીઘર બનાવાશે

સરકાર દ્વારા રાજયસહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગૌ સંવર્ધન માટે પહેલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. જેમાં દરેક તાલુકા દીઠ નંદીઘર બનાવવાશે. દરેક તાલુકામાં નિર્માણ થનાર નંદીઘરમાં ગાય આસ્થાના પ્રતિક સાથે આર્થિક ઉપાર્જનનું પ્રતિક બને તે માટે ગીર તેમજ કાંકરેજી ગાયોની નસલ વધારવાના પ્રયત્નો થશે.

રાજયમાં ડેરી વિકાસ અને પશુપાલનનો વ્યાપ વધે



તે માટે સરકાર કટીબદ્ધ રહી છે. પશુપાલકોને દૂધાળા પશુઓ ખરીદવા માટે સરકાર તરફથી જરૂરી સહાય તેમજ ગૌ સંવર્ધન માટે પણ હંમેશા પ્રયત્નો થતા રહ્યા છે. ત્યારે વર્તમાન સરકારે ગુજરાતમાં ડેરી ઉદ્યોગના વિકાસ સાથે પશુપાલન તેમજ ગૌ સંવર્ધન વિકસાવવા માટે પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ ગીર તેમજ કાંકરેજી ગાયોની નસલ વધે તે માટે દરેક તાલુકા દીઠ નંદીઘર બનાવવાનો નિર્ણય જારી કર્યો છે જેમાં આગામી સમયમાં ઉભા થનાર નંદીઘરોમાં ગૌ સંવર્ધનના કાર્યને વેગ મળશે. ગાય વર્ષોથી આસ્થાનું પ્રતિક બની રહી છે. ત્યારે હવે ગામડાઓમાં ગાય આર્થિક ઉપાર્જનનું પ્રતિક બને તે માટે સરકારે પહેલ કરી છે.

**ગીર અને કાંકરેજી ગાયોની નસલ વધારવાનો નિર્ણય**

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તાલુકા દીઠ એક નંદીઘર આગામી સમયમાં આકાર પામશે. સરકારે કૃષિ સાથે પશુપાલનના વ્યવસાયથી અંતરીયાળ વિસ્તારોમાં આદિવાસી ખેડૂતોની આવક બમણી થાય તે દીશામાં પણ કટીબદ્ધ બની આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષત યુવાનોએ પણ ડેરી ઉદ્યોગ તેમજ પશુપાલનમાં નસીબ અજમાવ્યું છે ત્યારે નંદીઘરોથી આગામી સમયમાં ગૌ સંવર્ધનને વધુ પ્રોત્સાહન મળશે તેવું જણાઈ રહ્યું છે.

# ખેડૂતોનાં ઘરમાં ૫૦ ટકા તુવેર પડી છે અને ખરીદી બંધ કરી દેવાઈ...

સરકારે જૂનાગઢ જિલ્લાનાં તાલુકા કેન્દ્ર ઉપર પરંતુ નહીવત ખરીદી કરી કેન્દ્રો બંધ કરી દીધા છે. જેમાં ૩૦ ટકા તુવેર ખરીદી થઈ હતી. અને ૨૦ ટકા ખેડૂતોએ પાણીનાં ભાવે તુવેર વેચવી પડી છે. તેમજ ૫૦ ટકા તુવેર ખેડૂતોનાં ઘરમાં પડી છે. સરકારે ટેકાનાં ભાવે રૂપિયા ૧૦૧૦ બાંધેલા છે. હાલમાં બજારમાં ખેડૂતોને તુવેરનાં ભાવ ૭૦૦ થી ૭૫૦ ઉપજે છે. જેથી ખેડૂતોને મોટું નુકશાન થઈ રહ્યું છે. તેમજ ગઈકાલે ધોરાજી યાર્ડમાં ખેડૂતો પર જે અત્યાચાર થયો તેને સખત શબ્દોમાં વખોડીએ છીએ. જૂનાગઢ જિલ્લામાં ફરી તુવેરનાં ખરીદી કેન્દ્ર શરૂ કરવાની માંગ છે. સરકાર એક બાજુ તેમ કહે છે કે, ખેડૂતોને બમણા ભાવ આપવાની વાત કરે છે. પરંતુ સરકાર પહેલા ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપે તે જરૂરી છે. તેમજ કિસાન સંઘનાં પ્રમુખ મનસુખભાઈ પટોડિયાએ જણાવ્યું હતું. અને વદુમાં કહ્યું હતું કે, સરકારની બેધારી નીતિના કારણએ ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. આગામી સમયમાં તેનું પરિણામ ખરાબ આવશે.

**સરકાર બમણા ભાવ આપવાની વાતો કરે છે પરંતુ પહેલા ભા તો આપે**

**૨૦ ટકા ખેડૂતોએ પાણીનાં ભાવે તુવેર વેંચવી પડી**

## ખેડૂતોને ન્યાય નહીં મળે તો આંદોલન

ભા.કિ.સંઘ દ્વારા આ ધોરાજી માર્કેટીંગ યાર્ડની આ ઘટનાને વખોડી કાઢતા પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રાએ જણાવ્યું છે કે, ખેડૂતો ફક્ત રજુઆત કરવા માટે ગયા હતા. તેવા સમયે અમલદારશાહી અપનાવીને ખેડૂતો ઉપર લાઠીઓ વિંઝવાની ઘટનાને સાંખી લેવાય નહીં. આ મામલે ભા.કિ.સંઘ ખેડૂતોની સાથે છે તેમજ ખેડૂતો ઉપર થયેલા આ અત્યાચારની ઘટનાની ઉંડાણપૂર્વકની તટસ્થ તપાસ કરીને જવાબદારો સામે કડક પગલા લેવા તથા ખેડૂતોને ન્યાય અપાવવાની માંગણી સાથે ભવિષ્યમાં જરૂર પડશે તો કિસાન સંઘ આંદોલન કરતા પણ અંચકાશે નહીં.

## સરકાર દ્વારા તુવેર ખરીદી

સરકાર દ્વારા તા. ૨૫-૪-૨૦૧૭ સુધી ૧ લાખ ૨૫ હજાર મે. ટન તુવેરની ખરીદી રૂા. ૬૪૩/- કરોડની કરવામાં આવી છે. ભારતીય કિસાનસંઘ દ્વારા રજુઆતો થતાં વધુ મે. ટનની મંજુરી અને ખરીદવાની રજુઆત કેન્દ્ર સરકારમાં કરવામાં આવેલ છે.


**ભૂગર્ભ જળ સંશોધન**

**ખેતરમાં કૂવો-બોર કરતા પહેલા**

**વૈજ્ઞાનિક પદ્ધતિએ ઈલેક્ટ્રોનીક કમ્પ્યુટરાઈઝડ મીટરથી જગ્યા નક્કી કરી શકાય.**

**રતીલાલ સુદાણી, આણંદ**

**ફોન નં. - ૦૨૬૯૨ - ૨૬૩૬૧૧**

**મો. ૯૪૨૭૩૮૨૩૬૮, ૯૯૭૮૧૧૫૧૯૮**


તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.